વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

ઓવરલોડ વાહનોને ૩૯.૯૧ લાખનો દંડ : નિયમનના ભંગ બદલ ૧૮૨ સીઝ કરાયા

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કેટલા ઓવરલોડ વાહનો આર ટી ઓ એ પકડયા અને કેટલો દંડ વસુલાયો તારાંકિત પ્રશ્નોત્તરીમાં રજુ થયેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાંવ્યા મુજબ આર ટી ઓ દ્વારા બે વર્ષમાં કુલ ૮૨૯ ઓવરલોડ વાહનો પકડવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૬૪૭ વાહનો પાસેથી સ્થળ પર રૂ ૩૩.૨૯ લાખનો દંડ વસુલી માંડવાળ કરવામાં આવી હતી. જયોર ૮૨૯ વાહનોના ચાલકો પાસેથી રૂ ૩૯.૯૧ લાખની દંડ વસુલી કરવામાં આવી આ ગુન્હા અન્વયે કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા તેવા પેટા પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રી કક્ષાએ વધુ જવાબમાં જણાંવ્યા મુજબ મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ કલમ-૨૦૭ હેઠળ ઓવરલોડ વાહનો ડિટેઈન કરવાની જોગવાઈ નથી. જયારે લાયસન્સ વગર વાહન ચલાવવુ અપુરતી ઉંમરે ડ્રાઈવીંગ કરવુ, બાકી ટેક્ષ અગર નોંધણી વગર વાહન ચલાવવુ તેવા ગુન્હા હેઠળ જિલ્લામાંથી ૧૮૨ વાહનો સીઝ કરવાના પગલા લેવાયા છે.

બે વર્ષમાં ૧૨૩૪૩ નવા શૌચાલયો બનાવાયા ગેરરીતીની માત્ર એક જ ફરિયાદ!!

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૧૨૩૪૩ નવિન શૌચાલયો બનાવવામાં આવ્યા છે. જયારે આ શૌચાલયના નિર્માણ દરમિયાન ગેરરીતી અંગેની કટેલી ફરિયાદો સરકારને મળી છે. કલોલના ધારાસભ્યના પેટા પ્રશ્નના જવાબમાં જણાવાયા મુજબ શૌચાલય બનાવવામાં માત્ર કલોલના એક જ કિસ્સામાં ગેરરીતીની ફરિયાદ મળી હોવાનુ જણાંવાયુ છે. જયારે આ ફરિયાદના પગલે ત્રણ કરાર આધારિત કર્મચારીઓની સેવા સમાપ્ત કરવામાં આવી છે. જયારે ૬ કર્મચારીઓ સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવા જિલ્લા વિકાસ અધિકારીને દરખાસ્ત કરવામાં ઓઆઈવી છે.

કુટીર ઉદ્યોગ શરૂ કરવા બે વર્ષમાં ૮.૯૮ કરોડની સહાય ચુકવાઇ

જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા માટે કુલ ૫૪૯૫ અરજીઓ કુટીર ઉદ્યોગ કેન્દ્રને મળી છે. જયારે આ અરજીઓ અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ૩૩૯૭ અરજીઓ સંદર્ભે લોન માટે બેંકને ભલામણ કરવામાં આવી હતી. આ પૈકી ૨૨૮૨ અરજીઓ બેંક દ્વારા મંજુર કરવામાં આવી છે. જયારે આ મંજુર અરજીઓ અન્વયે ૮૯૮.૧૭ લાખની સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લામાં ૪૪૫૩૫ બી પી એલ કુટુંબ

બી પી એલ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવે છે. જયારે બી પી એલ કુટુંબોના સર્વે અને યાદીની કાર્યવાહી ગ્રામ વિકાસ દ્વારા કરવામાં આવે છે. બી પી એલ સર્વે અન્વયે વ્યકિતની ગણતરી થતી નથી પરંતુ કુટુંબની ગણતરી થાય છે. જે મુજબ ગાંધીનગર જિલ્લામાં બી પી એલ કાર્ડ ધરાવતા ૪૪૫૩૫ કુંટુંબો છે. જયારે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બી પી એલ કુટુંબોમાં કોઈ વધારો થયો નથી.

ટ્રેકટર માટે૧૦૭૭ ખેડુતોને સબસીડી ચુકવાઇ

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ટ્રેકટર સહાય માટે કેટલી સબસીડી અરજીઓ મળી જયારે કેટલા ખેડુતોને આ સહાય ચુકવવામાં

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ૪૮ તલાટીઓની સામુહિક બદલીના હુકમો કરાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે એક સાથે ૪૮ તલાટી કમ મંત્રીના બદલીના હુકમો જારી કરવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

જિલ્લામાં ચૂંટણી બાદ બદલીઓનો ગંજીફો ચીપાશે તે નિશ્ચિત હતુ. જુનિયર ક્લાર્ક અને સિનીયર ક્લાર્ક સંવર્ગની બદલીઓ બાદ હવે તલાટી સંવર્ગમાં પણ બદલીઓનો ગંજીફો આજે ચીપાયો છે.

જિલ્લામાં ૪૯ તલાટીઓની ઘટ છે ત્યારે આ બદલીઓ મહત્વની લેખવામાં આવી રહી છે. પાંચ તલાટી તાજેતરમાં વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં તે જગ્યાઓ પણ ખાલી પડી હતી.

તંત્ર દ્વારા આજે કરવામાં આવેલ બદલીઓમાં ૨૩ તલાટીઓની તો સ્વ વિનંતીથી બદલીઓ કરવામાં આવી છે. આમ કુલ બદલીના ૫૦ ટકા બદલીઓમાં કર્મયોગીઓની વિનંતીને ધ્યાને તંત્ર દ્વારા પહેલીવાર લેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે અન્ય જે બદલીઓ થઈ છે તેમાં ત્રણ વર્ષ કરતાં વધુ સમય થયો હોય તેવા કર્મયોગીઓનો સમાવેશ થાય છે.

જે બદલીઓ થઈ છે તેમાં ૧૩ તલાટી ગાંધીનગર તાલુકાના છે. ૧૧ તલાટી કલોલ તાલુકાના છે તો જયારે ૧૨-૧૨ જેટલા તલાટી માણસા-દહેગામમાં બદલાયા છે. આજે પંચાયત વર્તુળમાં તલાટીઓની સામુહિક બદલીની વાતો ચર્ચાસ્થાને હતી.

હજુ તો આકાશામાં વાદળોની થોડીઘણી આવન-જાવન શરૂ થઈ છે ત્યાં તો અમેરિકન મકાઈની સીઝન શરૂ થઈ ગઈ છે. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર ખડકાઈ જતી લારીઓમાં મળતી અમેરિકન મકાઈનો સ્વાદ વાહનચાલકો અચૂક માણી લે છે. જરાક રીમઝીમ વરસાદ શરૂ થાય ત્યાં જ વસાહતીઓ પણ ગાડીમાં લોંગડ્રાઈવની મજા સાથે મકાઈ ખાવાની મજા માણવાનું ચૂકતા નથી.

મનપાની વૉર્ડ નં.૩ની પેટા-ચૂંટણીમાં ૩ ઉમેદવારીપત્ર રદ થયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણીમાં ઉમેદવારીપત્રની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. બે અપક્ષ ઉમેદવારોના ફોર્મ અધુરી વિગતો અને જરૂરી પૂર્તતા ન હોવાને કારણે રદ થયા હતા જયારે ભાજપ તરફથી ડમી ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થયુ હતુ. હવે આ બેઠક પર આજે ચાર ઉમેદવારો મેદાનમાં છે. જેમાં એક અપક્ષ ઉમેદવાર અને ત્રણ મુખ્ય રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને એન.સી.પી.ના ઉમેદવારનો સમાવેશ થાય છે.

૯મી જુલાઈએ ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. જંગ ત્રિકોણીય લડાઈ છે કે ચતુષ્કોણીય લડાશે પરંતુ મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

સીવીલ આઈસીયુમાં સારવાર લેતા દર્દીની આંખે ઉંદર કરડી જતા હોબાળો

સીવીલ હોસ્પિટલના આઈસીયુમાં છેલ્લા સપ્તાહથી સારવાર લેતા નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર જે. જી. ભટ્ટની ડાબી આંખે ઉંદરે ગંભીર ઈજા પહોંચાડતા ભારે દોડધામ : બપોર બાદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી

ગાંધીનગર, તા.૮

રાજયના પાટનગર ગાંધીનગરની સિવિલ તંત્રની જ દયનીય હાલત છે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી

સ્થિતિ સર્જાઈ છે. રાજનયા છેવાડાના નાગરીક સુધી આરોગ્યલક્ષી સેવા અને સુવિધાઓ મળી રહે તે માટે તંત્ર દ્વારા રાત દિવસ મહેનત કરી રહ્યા છે. સિવિલમાં સામાન્ય નાગરીકોને તો તંત્રનો કડવો અનુભવ થાય છે પરંતુ વીવીઆઈપી દર્દીઓ પણ સલામત રહ્યા નથી. ત્યારે પાટનગરની સિવિલમાં સોમવારના રોજ સવારે અજીબો ગરીબ ઘટના સામે આવી છે. જેમાં સિવિલના આઈસીયુ વિભાગમાં હદય સંબંધિત તેમજ અન્ય બિમારીની સારવાર લઈ રહેલા નિવૃત્ત ડેપ્યુટી ડાયેરકટરની ડાબી બાજુની આંખ ઉંદર કરડી જતા ઈજા પહોંચાડતા હોહા મચી ગઈ હતી. આઈસીયુ વિભાગમાં આ પ્રકારની ઘટના બનતા સમગ્ર તંત્ર ચોંકી ઉઠ્યું હતું. જયારે બનાવને પગલે સિવિલ સુપ્રિટેન્ડન્ટ, આરએમઓ, ડોકટર્સ સહિત અધિકારી-કર્મચારીઓ દોડી આવ્યા હતા. જયારે આઈસીયુમાં સારવાર મેળવી રહેલા દર્દીનું બપોર બાદ મૃત્યું નિપજયું હતું.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ ડી ખાતે રહેતા અને આંકડા બ્યુરોમાં નિવૃત્ત ડેપ્યુટરી ડાયરેકટર તરીકે ફરજ બજાવી ચુકેલા જે. જી. ભટ્ટ (ઉં.વ.૮૪) હદય સંબંધિત અને અન્ય બિમારીને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ત્રીજા માળે આવેલા આઈસીયુ વિભાગમાં છેલ્લા એક સપ્તાહથી સારવાર મેળવી રહ્યા હતા. પરંતુ દર્દી આઈસીયુમાં આરામ કરી રહ્યા હતા, તે દરમિયાન તેમની પાસે રહેલી તેમની દિકરીની પણ આંખ મિચાઈ ગઈ હતી, તે સમયે તેમના હાથ પરથી ઉંદર પસાર થતા તે જાગી ગયા હતા. દિકરીની આંખ ખુલી જતા જોયું તો તેમના પપ્પાની આંખ પાસેથી લોહી વહી રહ્યું હતું. તેઓએ તાત્કાલીક નર્સ અને ડોકટરને જાણ કરી હતી.તાત્કાલીક બધા આવી પહોંચ્યા હતા અને લોહી બંધ કરવા માટે કોશીશ કરી હતી.ત્યારબાદ આંખ વિભાગના ડોકટરને બોલાવી આંખ પર ટાંકા લેવા પડ્યા હતા. ત્યારબાદ જે.જી.ભટ્ટની સારવાર વધુ સઘન બનાવી દેવાઈ હતી. પરંતુ સારવાર દરમિયાન બપોર બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. જયારે સવારના સમયે ઉંદર કરડવાની ઘટનાને પગલે સિવિલના સત્તાધિશો આઈસીયુ ખાતે દોડી આવ્યા હતા. દર્દીના પરિવારજનોએ સિવિલ તંત્રની બેદરકારી અંગે પોલીસમાં પણ અરજી કરી છે.

નિવૃત અધિકારી અને પ્રવૃત સેવાભાવી જે. જી. ભટ્ટનુ દુ:ખદ અવસાન

શહેરના અગ્રણી અને આંકડા બ્યુરોમાં ડેપ્યુટી ડાયરેકટર તરીકે ફરજ બજાવી ચુકેલા નિવૃત અધિકારી જે જી ભટ્ટનુ આજે બિમારીના અંતે ૮૪ વર્ષની વયે દુખદ અવસાન થયુ છે. તેમના અવસાનથી તેમના પત્ની ભાનુબેન જયંતકુમાર ભટ્ટ તેમની દિકરી શ્રૃતિબેન ભટ્ટ ધૃતિબેન ભટ્ટ, તેમજ પુત્રી દિપ્તીબેન પણ ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે.સે-૭ ડી પ્લોટ નં-૧૨૪૨ :૨ માં રહેતા જે જી ભટ્ટના અવસાનથી વસાહત મહામંડળ નિવૃત અધિકારી મંડળના પદાધિકારીઓ , ઉપરાંત વિવિધ સંસ્થાઓ સહીત નગરના અગ્રણીઓ, સેકટરવાસીઓએ પણ શોકની લાગણી વ્યકત કરી છે. નિવૃત અધિકારી મંડળ , સે-૭ ડી ના પ્રમુખ તરીકે પણ તેમણે વર્ષો સુધી સેવા પુરી પાડી સેકટરવાસીઓની સમસ્યાઓના નિરાકરણ માટે સતત સેવા પુરી પાડી હતી. શહેરના પ્રશ્નોના નિરાકરણ તેમજ વિકાસના અનેકવિધ કામોને આગળ ધપાવવામાં તેમનો ઉમદા ફાળો રહ્યો છે. સદગતની અંતિમયાત્રા તા ૯ જુલાઈના રોજ સવારે ૯ કલાકે તેમના નિવાસસ્થા સે-૭ ડી ખાતેથી નિકળી સે-૩૦ મુક્તિધામ જશે.

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૧૨૧ મીટરને પાર

અમદાવાદ, તા.૮

રાજયમાં છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલા ભારેથી અતિ ભારે વરસાદ ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેરના કારણે નર્મદા ડેમમાં પાણીની સારી એવી આવક થઈ છે તો, બીજીબાજુ, ઉપરવાસમાં થયેલા સારા વરસાદને લઈને પણ સરદાર સરોવર ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે તેના કારણે, સરદાર સરોવર ડેમની સપાટી ૧૨૧ મીટરને પાર થઈ ગઈ છે. નર્મદા ડેમની સપાટી હાલ ૧૨૧.૦૨ મીટરથી વધુ ઉપર પહોંચી જતા રાજય સરકાર અને તંત્રની સાથે સાથે ખેડૂતોમાં પણ ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

અંતિમયાત્રા

અમારા પિતાશ્રી **જયંતકુમાર ગીરધરલાલ ભટ્ટ** (ઉ.વ. ૮૪) નિવૃત્ત અધિકાર મંડળ, સેક્ટર-૭/ડીના પ્રમુખ, તા. ૮/૭/૨૦૧૯ને સોમવારના રોજ અવસાન પામેલ છે. **સદ્ગતની અંતિમયાત્રા તા. ૯/૭/૨૦૧૯ને મંગળવારે સવારે ૯-૦૦ કલાકે** તેમના નિવાસસ્થાનેથી નીકળી સેક્ટર-૩૦ મુક્તિધામ ખાતે જશે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૨૪૨/૨, સેક્ટર-૭/ડી, ગાંધીનગર

લી.

ભાનુબેન જયંતકુમાર ભટ્ટ

જીતેન્દ્ર પોટા (જમાઈ) — **દિપ્તીબેન જીતેન્દ્રભાઈ પોટા (દિકરી, વડોદરા)**

ધૃતિબેન જે ભટ્ટ (દિકરી) (નાગરિક પુરવઠા નિગમ) — **શ્રૃતિબેન જે. ભટ્ટ (દિકરી)**

રાજ્ય સરકાર દ્વારા વ્યવસાય વેરામાં દંડ-વ્યાજ માફી યોજના જાહેર

ભુલ સુધારી લેવાની રાજ્ય સરકારની તક : પહેલી જૂનથી ૩૧મી ઓગસ્ટ ૨૦૧૯ વચ્ચે પ્રોફેશનલ ટેક્સની બાકી રકમ ભરપાઈ કરે તો દંડ-વ્યાજમાંથી મુક્તિ

અમદાવાદ,તા.૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયમાં ગ્રામ પંચાયતથી લઈને નગરપાલિકા-મહાપાલિકા કાર્યક્ષેત્રમાં આવતા વ્યવસાયવેરો – પ્રોફેશનલ ટેક્ષ ભરવાપાત્ર વ્યવસાયીઓ, એમ્પ્લોયરોએ ભરવાપાત્ર વ્યવસાય વેરાની બાકી રકમ તા. ૩૧ ઓગષ્ટ-૨૦૧૯ સુધીમાં ભરપાઈ કરે તો દંડ અને વ્યાજમાંથી મુક્તિ આપતી માફી યોજના જાહેર કરી છે. રાજ્ય સરકારના નાણાં વિભાગે આ સંદર્ભમાં જારી કરેલા ઠરાવમાં જણાવ્યું છે કે, ઘણા વ્યવસાયીઓ / નોકરીદાતાઓ વ્યવસાયવેરો ભરવાને પાત્ર હોય તેમ છતાં વ્યવસાય વેરાના ટેકસ નેટમાં લાવવાના બાકી રહી ગયેલ છે. જેમાં નાના કારખાનેદારો અને નાના પાયે ધંધો કરનારાઓ, નોકરીદાતાઓ વગેરે સમાવેશ થાય છે. આવા વ્યવસાયીઓ વ્યવસાયવેરા કાયદાની જોગવાઈઓનું પાલન કરવા અને પોતાની ચૂક સુધારવા ઈચ્છા ધરાવતા હોવા છતાં કાયદાની દંડકીય જોગવાઈઓ અને પ્રોસીકયુશનના ભયથી પોતાની ચૂક સુધારવા આગળ આવતાં નથી. આથી આવા વ્યવસાયીઓ કાયદા ભંગમાંથી બહાર આવે અને ચૂક સુધારી લેવાની તક તેમને આપવામાં આવે તો રાજ્ય સરકારને વ્યવસાય વેરાની આવક પ્રાપ્ત થાય, અને આ વ્યવસાયીઓની હાલનાં કાયદાના દંડની દહેશત / ગુનાહિત બોજા હેઠળ રહેવું પડે છે, તેમાંથી મુકત થવાની તક મળે. તે આશયથી આ નિર્ણય કરવામાં આવ્યો છે. તદ્દઅનુસાર, કરદાતા કે જેઓને વેરો ભરવો છે પરંતુ નોંધણી નંબર મેળવેલ નથી કે નોંધણી નંબર મેળવેલ છે પણ વેરો ભરેલ નથી તેમજ વેરો ઉઘરાવેલ છે પરંતુ સરકારમાં જમા કરાવેલ નથી, તેમને માટે આ રાહત યોજનામાં અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અંતર્ગત વ્યવસાય કરતી વ્યકિત કે સંસ્થાઓ જેઓ વ્યવસાય વેરા નંબર મેળવવાને પાત્ર થાય છે પરંતુ વ્યવસાય વેરા એનરોલમેન્ટ નંબર ધરાવતા નથી. તેઓ તા. ૧-૬-૨૦૧૯ થી તા.૩૧-૮-૨૦૧૯ સુધીના સમય દરમ્યાન વ્યવસાય વેરા નંબર મેળવવા અરજી કરે અને તે સમય દરમ્યાન નિયત દરે ભરવાપાત્ર રકમ સરકારમાં ભરે તેને તરત જ એનરોલમેન્ટ પ્રમાણપત્ર આપવામાં આવશે અને દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહીમાંથી મુકિત આપવામાં આવશે.

ફોર્મ નં. INC- 25A

પબ્લીક લિમીટેડ કંપનીમાંથી પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં તબદિલી માટે વર્તમાનપત્રમાં આપવામાં આવનાર જાહેર ખબર

રીજનલ ડિરેક્ટર, મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ **નોર્થ વેસ્ટર્ન રીજન** સમક્ષ

કંપનીઝ એક્ટ,૨૦૧૩, કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૧૪ તથા કંપનીઝ (ઈન્કોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૪૧ ની બાબતમાં તથા

પ્લોટ નં ૪૦-૪૧/૯, સમર્પણ ફાર્મ પાસે, દહેગામ-બાયડ રોડ, મોસમપુરા ગામ, દહેગામ તાલુકો, ગાંધીનગર, ગુજરાત, ભારત. ખાતે રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી કંપની **મેં. આશાપુરા પ્રોટીન્સ લિમીટેડ**

...અરજદારની બાબતમાં

આથી જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોક્ત નિયમોને વંચાણે લઈને કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૧૪ હેઠળ કંપની કેન્દ્ર સરકારને અરજી કરવા ધારે છે અને તા.૧૮ જૂન,૨૦૧૯ના રોજ બોલાવેલ એકસ્ટ્રા ઓર્ડિનરી જનરલ મિટીંગમાં કંપનીને અપાયેલ સંમતિ અનુસાર કંપની પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં તબદિલ થવા ધારે છે.

કંપની આ સૂચિત ફેરફાર/દરજ્જાના કારણે કોઈ વ્યકિતના હિતને અસર થઈ શકે તેમ હોય તો તેણે તેના વાંધાઓ, હિતને કઈ રીતે અસર થાય તેમ છે તે વિરોધના આધારની વિગતો સાથે એફીડેવીટમાં દર્શાવીને આ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૪ (ચૌદ) દિવસમાં રિજનલ ડિરેક્ટર, નોર્થ વેસ્ટર્ન રીજન, અમદાવાદને રૂબરૂમાં કે રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા પહોંચતી કરવાની રહેશે તથા તેની એક નકલ અરજદાર કંપનીને તેની નીચે દર્શાવેલ રજીસ્ટર્ડ ઓફિસે પહોંચતી કરવાની રહેશે.

વતી, આશાપુરા પ્રોટીન્સ લિમીટેડ

સહી/-

નારાયણભાઈ મહેન્દ્રભાઈ ચાન્દ્રા

DIN: 05240117

તા.૮-૭-૨૦૧૯

સ્થળ: ગાંધીનગર

રજી.ઓફિસ: આશાપુરા પ્રોટીન્સ લિમીટેડ, પ્લોટ નં ૪૦-૪૧/૯, સમર્પણ ફાર્મ પાસે, દહેગામ-બાયડ રોડ, મોસમપુરા ગામ, દહેગામ તાલુકો, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૦૫, ભારત

ફોર્મ નં. INC- 25A

પબ્લીક લિમીટેડ કંપનીમાંથી પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં તબદિલી માટે વર્તમાનપત્રમાં આપવામાં આવનાર જાહેર ખબર

રીજનલ ડિરેક્ટર, મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ **નોર્થ વેસ્ટર્ન રીજન** સમક્ષ

કંપનીઝ એક્ટ,૨૦૧૩, કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૧૪ તથા કંપનીઝ (ઈન્કોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ ૪૧ ની બાબતમાં તથા

૧૦૫-૧૦૬, જી.આઈ.ડી.સી. માણસા, ડિ.ગાંધીનગર, ગુજરાત, ભારત.

રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી કંપની **શ્રી હરીદાસ એગ્રો પ્રોડક્ટ્સ લી.**

...અરજદારની બાબતમાં

આથી જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોક્ત નિયમોને વંચાણે લઈને કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૧૪ હેઠળ કંપની કેન્દ્ર સરકારને અરજી કરવા ધારે છે અને તા.૧૮ જૂન,૨૦૧૯ના રોજ બોલાવેલ એકસ્ટ્રા ઓર્ડિનરી જનરલ મિટીંગમાં કંપનીને અપાયેલ સંમતિ અનુસાર કંપની પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં તબદિલ થવા ધારે છે.

કંપની આ સૂચિત ફેરફાર/દરજ્જાના કારણે કોઈ વ્યકિતના હિતને અસર થઈ શકે તેમ હોય તો તેણે તેના વાંધાઓ, હિતને કઈ રીતે અસર થાય તેમ છે તે વિરોધના આધારની વિગતો સાથે એફીડેવીટમાં દર્શાવીને આ જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૪ (ચૌદ) દિવસમાં રિજનલ ડિરેક્ટર, નોર્થ વેસ્ટર્ન રીજન, અમદાવાદને રૂબરૂમાં કે રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા પહોંચતી કરવાની રહેશે તથા તેની એક નકલ અરજદાર કંપનીને તેની નીચે દર્શાવેલ રજીસ્ટર્ડ ઓફિસે પહોંચતી કરવાની રહેશે.

વતી, શ્રી હરીદાસ એગ્રો પ્રોડક્ટ લીમીટેડ

સહી/-

યશોદા છગનભાઈ ભાનુશાલી

DIN: 07129914

તા.૮-૭-૨૦૧૯

સ્થળ: ગાંધીનગર

રજી.ઓફિસ: શ્રી હરીદાસ એગ્રો પ્રોડક્ટ્સ લીમીટેડ ૧૦૫-૧૦૬, જી.આઈ.ડી.સી., માણસા, ડિસ્ટ્રીક્ટ-ગાંધીનગર, ગુજરાત

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance — એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — KisaN — ashirvad — BENELAVE — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com